1. ‘‘ઇન્ટરનેટના કારણે દુનિયા નાની બની ગઈ છે.’’ આ વિધાન સમજાવો.

- 20મી સદીના ઉત્તરાર્ધમાં સૂચનાઓનું આંકડાઓમાં રૂપાંતર થઈ શકવાના કારણે દૂરસંચાર વ્યવસ્થા ધીરે ધીરે કપ્યુટરનું અંગ બની ગઈ. તેમાં ઇન્ટરનેટના માધ્યમથી એક સમન્વિત તંત્રનું નિર્માણ થયું. આજે વિશ્વમાં ઇન્ટરનેટ સૌથી મોટી ઇલેક્ટ્રૉનિક પ્રણાલી છે, જે 100થી વધુ દેશમાં 10 કરોડથી વધુ લોકોને એકબીજાથી જોડે છે.
- દર વર્ષે લાખો નવા ગ્રાહક ઇન્ટરનેટ સાથે જોડાતા રહે છે. સંચારસેવા ઇન્ટરનેટના કારણે ખૂબ જ સુવિધાજનક બની ગઈ છે. તેનાથી સમય અને સ્થળની બધી મુશ્કેલીઓ દૂર થઈ ગઈ છે. ઇન્ટરનેટના આધુનિક સંચારતંત્રે વિશ્વને એક વૈશ્વિક ગામમાં બદલી દીધું છે, દુનિયા નાની બની ગઈ છે.

2. આકાશવાણી વિશે ટૂંક નોંધ લખો. (March 18, July 18)

- ભારતના માહિતી અને પ્રસારણ મંત્રાલય હસ્તક ચાલતી રેડિયો પ્રસારણ સાર્વજનિક સેવા છે, આકાશવાણી તેનાં વિવિધ કેન્દ્રો દ્વારા વિવિધ ભાષાઓમાં પોતાના કાર્યક્રમોનું પ્રસારણ કરે છે. શિક્ષણ, મનોરંજન, ગીતસંગીત, નાટક, ભવાઈ, સમાચાર, વૈશ્વિક ઘટનાઓ, રમતગમત, હવામાન, વ્યાપાર, જાહેરાતો, કૃષિ વગેરે અનેક ક્ષેત્રોની નવીનતમ માહિતી આકાશવાણી તેના શ્રોતાઓ સુધી ખૂબ જ ઝડપથી અને અસરકારક રીતે પહોંચાડે છે. રેડિયો હાથવગુ સાધન હોવાથી પ્રવાસ દરમિયાન તેનો ઉપયોગ થઈ શકે છે.
- 1930માં રેડિયો સેવાનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું. આ સેવાનું નામ ઑલ ઇન્ડિયા રેડિયો રાખવામાં આવ્યું હતું, પણ 1957માં તેનું નામ બદલીને આકાશવાણી કરવામાં આવ્યું.

3. ‘‘વર્તમાનમાં ઇન્ટરનેટનું મહત્ત્વ ખૂબ જ છે.’’ કારણ આપો.

- રેલવે કે હવાઈ સમયપત્રક જાણવા, રેલવે, હવાઈ કે છે કે બસની મુસાફરી માટે ઇટિકિટ બુકિંગ કરાવવા, જમીનના દસ્તાવેજો મેળવવા, શૈક્ષણિક માર્ગદર્શન આપવા, ગુનેગારો શોધી કાઢવા, હોટલ બુકિંગ કરાવવા, ઑનલાઇન ખરીદવેચાણ કરવા, જાહેર પરીક્ષાઓનાં પરિણામો મેળવવાં, ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડનો ઉપયોગ કરવા માટે ઇન્ટરનેટ સેવાઓ અનિવાર્ય બની ગઈ છે.
- ઉપરાંત વૉટ્સઅપ, ટવિટર, ફેસબુક, ઇમેઇલ વગેરે સેવાઓના ઉપયોગ માટે ઇન્ટરનેટનો ઉપયોગ જરૂરી બન્યો છે. તેથી વર્તમાનમાં ઇન્ટરનેટનું મહત્ત્વ ખૂબ જ વધી ગયું છે.

4. ‘‘આકાશવાણી ઉપયોગી સમૂહ માધ્યમ છે.’’ કારણ આપો.

- આકાશવાણી તેના વિવિધ કેન્દ્રો દ્વારા વિવિધ ભાષાઓમાં પોતાના કાર્યક્રમોનું પ્રસારણ કરે છે. શિક્ષણ, મનોરંજન, ગીતસંગીત, નાટક, ભવાઈ, સમાચાર, વૈશ્વિક ઘટનાઓ, રમતગમત, હવામાન, વ્યાપાર, જાહેરાતો, કૃષિ વગેરે અનેક ક્ષેત્રોની નવીનતમ માહિતી આકાશવાણી તેના શ્રોતાઓ સુધી ખૂબ જ ઝડપથી અને અસરકારક રીતે પહોંચાડે છે. આકાશવાણી મનોરંજન, જ્ઞાન, માહિતી, વિવિધ પ્રકારની જાણકારી આપી શ્રોતાઓને માનસિક રીતે સજ્જ કરે છે. તેથી તે ઉપયોગી સમૂહ માધ્યમ છે.